RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 238* Date: 18.06.2023, Sunday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## બ્રિજભૂષણની ચાર્જશીટ બાદ રેસલરની પ્રતિક્રિયા

# સુનો દ્રૌપદી શસ્ત્ર ઉઠા લો, ગઈકાલ સુધી માત્ર આંધળા રાજા હતો, હવે તેઓ મૂંગા અને બહેરા પણ છે : વિનેશ ફોગાટ



એશિયન ગેમ્સ માટે નામો સાથે પ્રવેશ માટેની છેલ્લી તારીખ ૧૫ જુલાઈ છે. આ પહેલા એડહોક કમિટી ટ્રાયલ માંગી રહી છે પરંતુ રમતગમત મંત્રીને લખેલા પત્ર બાદ એડહોક કમિટી મુંઝવણમાં મુકાઈ ગઈ છે.ँછ એ ઁઝછ ને પત્ર લખીને વિનંતી કરી છે કે તે ૧૫ ઓગસ્ટ સુધીમાં કુસ્તીના નામ સાથે એન્ટ્રી લેવાની મંજૂરી આપે. જો મંજૂર થશે તો ૧૦ ઓગસ્ટ પછી ટ્રાયલ લેવામાં આવશે. જો ન મળે તો ૧૫મી જુલાઈ પહેલા ટ્રાયલ સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.જેમણે પત્રો લખ્યા તેમાં વિનેશ ફોગાટ (૫૩ વજન), બજરંગ પુનિયા (૬૫ વજન), સાક્ષી મલિક (૬૨), સત્યવ્રત કડિયાન (૯૭), સંગીતા (૫૭) અને જીતેન્દ્ર (૮૬)નો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, ધરણાના કારણે તેમને ૨૩ સપ્ટેમ્બરથી હાંગઝોઉ (ચીન)માં યોજાનારી એશિયન ગેમ્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ ટ્રાયલ્સની તૈયારી માટે થોડો વધુ સમય જોઈએ છે.મંત્રાલયે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (ँછ) ની એડહોક સમિતિને કુસ્તીબાજોની માંગ પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા કહ્યું છે. બીજી તરફ,ँછ એ એક મહિનાના વિલંબ સાથે પ્રવેશ મોકલવા માટે શુક્રવારે ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા (ઁઝછ) પાસે મંજૂરી માંગી છે.બીજી તરફ, દિલ્હી પોલીસે કુસ્તીબાજો સામે નોંધાયેલી ક્રૈઇ રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. પેપરવર્ક પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. દિલ્હી પોલીસ કોર્ટમાં કુસ્તીબાજો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરનો ક્લોઝર રિપોર્ટ આપીને ગમે ત્યારે કેસ બંધ કરવા માટે અપીલ કરી શકે છે.કુસ્તીબાજ સાક્ષી મલિકે શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે દિલ્હી પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલ ચાર્જશીટ મેળવવા માટે તેની કાનૂની ટીમ દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. ચાર્જશીટ મળ્યા બાદ તેનો અભ્યાસ કરવામાં આવશે. આ પછી જ રેસલર તેમની આગામી રણનીતિ બનાવશે.તેમણે એમ પણ કહ્યું કે ચાર્જશીટમાં એ પણ જોવામાં આવશે કે તેમાં લગાવવામાં આવેલા આરોપો સાચા છે કે નહીં. બધું જોયા પછી, અમે આગળનું પગલું લઈશું. અમારી સામે નોંધાયેલી એફઆઈઆર પાછી ખેંચવા સહિત અમને આપેલા વચનો પૂરા થાય છે કે નહીં તે પણ જોશે.રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ઉક્રૈં)ના પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ સિંહ વિરુદ્ધ ૬ મહિલા કુસ્તીબાજોની જાતીય સતામણીના કેસમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં નવા ખુલાસા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી પોલીસની તપાસમાં છમાંથી બે મહિલા રેસલર્સની છેડતી કરવામાં આવી હતી અને એકનો રસ્તો રોકવાનો કે પીછો કરવાનો મામલો સામે આવ્યો છે.દિલ્હી પોલીસને કોલ ડિટેલ્સમાંથી કાંઈ વધુ મળ્યું નથી. તેનું કારણ એ છે કે ટેલિકોમ કંપનીઓ એક વર્ષથી વધુ સમય માટે કોલ રેકોર્ડ રાખતી નથી. ચાર્જશીટ રજૂ થયા બાદ સાક્ષી મલિકે કહ્યું- હવે સ્પષ્ટ થઈ ગયું છે કે બ્રિજભૂષણ દોષિત છે.જ્યારે મહિલા કુસ્તીબાજ ઘરે પરત આવી તો તેણે તેની માતાના નંબર પર અલગ-અલગ બહાને ઘણી વખત ફોન કરવાનું શરૂ કર્યું. તેણે એવો પણ દાવો કર્યો હતો કે બ્રિજભાષણના કોલ ટાળવા માટે તેણે પોતાનો ફોન નંબર પણ બદલવો પડ્યો હતો. જો કે, આ આરોપોને સાબિત કરવા માટે કોઈ ટેકનિકલ પુરાવા મળ્યા નથી.

પુખ્ત કુસ્તીબાજોના કેસમાં પોલીસે એક હજાર પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. જેમાં પોલીસે સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ મેજિસ્ટ્રેટ સમક્ષ કુસ્તીબાજો દ્વારા આપવામાં આવેલા નિવેદનને ચાર્જશીટનો મુખ્ય આધાર ગણાવ્યો છે. પોલીસે કહ્યું કે જ્યાં પુખ્ત કુસ્તીબાજોએ તેમની સામે જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે ત્યાં આરોપીની હાજરીના પુરાવા મળ્યા છે.કુસ્તીબાજોએ તપાસ દરમિયાન પુરાવા તરીકે પોલીસને ૫ ફોટોગ્રાફ્સ આપ્યા છે. આ સિવાય વધુ ડિજિટલ પુરાવા આપવામાં આવ્યા હતા, તે પેન ડ્રાઈવમાં કોર્ટને સોંપવામાં આવ્યા છે. ચાર્જશીટમાં લગભગ ૨૫ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે. ૭ સાક્ષીઓએ પીડિત પુખ્ત કુસ્તીબાજોના આરોપોને સમર્થન આપ્યું છે. બાકીના આરોપીઓની તરફેણમાં બોલ્યા છે.

## પીએમ મોદીના સ્વાગત માટે ૨૫ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, અમેરિકામાં જોરદાર તૈયારીઓ

નવી દિલ્હી,તા.૧૭

પીએમ મોદીના અમેરિકા પ્રવાસને લઈને ત્યાં રહેતા ભારતીય સમુદાય દ્વારા જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ભારતીય મૂળના લોકો દ્વારા ક્યા પ્રકારના આયોજન કરવામાં આવ્યા છે તે અંગે જાણકારી આપતા કો ઓર્ડિનેટર શ્રીનાથે કહ્યુ હતુ કે, પીએમ મોદીના સ્વાગતમાં ૨૫ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવશે. આ પૈકીના ૧૫ કાર્યક્રમ સાંસ્કૃતિક ટીમો પરફોર્મ કરશે. આ તમામ કાર્યક્રમનુ આયોજન વોશિંગ્ટનમાં કરવામાં આવ્યુ છે. કાર્યક્રમના આયોજકોનુ કહેવુ છે કે, અમે ભારતમાં દેશભક્તિના ગીતો સાંભળતા મોટા થયા હતા અને એ



પછી અમેરિકા અમે આવ્યા તો આ અમારી કર્મભૂમિ બની ગઈ હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બંને દેશના કલ્ચરને દર્શાવવામાં આવશે. અમેરિકામાં હાલમાં આ કાર્યક્રમના રિહર્સલ પૂરજોશમાં ચાલી રહ્યા છે. બીજી તરફ વ્હાઈટ હાઉસની બહાર પણ પીએમ મોદીના સ્વાગતની તૈયારીઓના ભાગરૂપે અમેરિકા તેમજ ભારતનાઝંડાલહેરાતા નજરેપડીરહ્યાછે.

## જૂનાગઢમાં દરગાહ હટાવવાની નોટિસ મળતાં જ તોફાન:૫૦૦ના ટોળાએ પથ્થરમારો કરતાં એકનું મોત, વાહનોમાં તોડફોડ કરી બાઈક સળગાવી, DySP સહિત ૫ ઈજાગ્રસ્ત, ૧૭૪ની અટકાયત

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા મજેવડી ગેટ પર દરગાહ દબાણ હટાવવા મામલે નોટિસ લગાવવામાં આવી હતી અને પાંચ દિવસમાં જરૂરી દસ્તાવેજો રજૂ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું. એને લઈ મોડી રાત્રે લઘુમતી સમાજના લોકોનાં ટોળાં એકત્રિત થયાં હતાં, જ્યાં પોલીસ અને લોકો વચ્ચે અથડામણ થઈ હતી. એમાં પથ્થરમારો થતાં પોલીસ દ્વારા ટિયરગેસના શેલ છોડવામાં આવ્યા હતા. જૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલિયા પીએસઆઇ મારુ તેમજ અન્ય પોલીસકર્મીઓને ઈજા થઈ હતી. હાલમાં સમગ્ર સ્થિતિને કાબૂમાં લેવા જૂનાગઢ પોલીસે ૧૭૪ લોકોને ઝડપી લીધા છે તેમજ શહેરના અલગ અલગ વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ પણ શરૂ રાખવામાં આવ્યું છે.જૂનાગઢ જિલ્લા એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું હતું કે, જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા મજેવડી ગેટ પાસે જે મસ્જિદ છે એને નોટિસ આપવામાં આવી હતી કે પાંચ દિવસમાં જે પણ ડોક્યુમેન્ટ છે એને મનપા ઓફિસમાં આવીને બતાવજો. આ નોટિસ ૧૪ જૂનના રોજ આપવામાં આવી હતી. જે નોટિસને નરાજગી સાથે ગઇકાલે એટલે કે ૧૬ જૂનના રોજ લોકો એકઠા થયા હતા. લગભગ ૫૦૦થી ૬૦૦ લોકો મજેવડી ગેટ પાસે ભેગા થયા હતા. જ્યાં ડીવા.એસપી સહિતનો કાફલો



તહેનાત કરવામાં આવ્યો હતો અને લગભગ ૪૫ મિનિટ સુધી આ લોકોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારે લોકો રોડ બ્લોક કરવાનો પ્રયાસ કરતાં હતા. જેને પોલીસ હટાવી રહી હતી. ત્યારે ૧૦:૫૦ વાગ્યે ટોળાએ નારાબાજી સાથે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેને લઈને પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો અને ટીયરગેસ છોડવા પડ્યા હતા.

એસપીએ વધુમાં જણાવ્યું કે, આ અથડામણ દરમિયાન ડીવાયએસપી જૂનાગઢ,પીએસઆઇ કિંજલ મારૂ, બે બીજા પી.આઇ અને એક પોલીસકર્મીને ઈજાઓ થઇ હતી. એલસી બી અને એસઓજી સહિતની અલગ અલગ ૬ ટીમ બનાવીને અત્યાર સુધી ૧૭૪ લોકોને રાઉન્ડપ કરવામાં આવ્યા છે. કોઇ પોલીસકર્મીનું મોત થયું નથી એક અન્ય વ્યક્તિનું પથ્થર લાગવાની મોત થયું છે. પણ એકવાર પી.એમ રિપોર્ટ આવ્યા બાદ જાણવા મળે કે મોત કયા કારણોસર થયું છે. અત્યારે પોલીસ આખા જૂનાગઢમાં તપાસ કરી રહી છે, જે પણ આ ઘટનામાં ઈન્વોલ હસે એની ધરપકડ કરવામાં આવશે. કોલ ડિટેઈલ કઢાવીને એ પણ તપાસ કરાશે કે આ પૂર્વ આયોજીત કાવતરૂ હતું કે કેમ.. જો કંઇ પુરાવા મળશે તો તમામ સામે કડક કાર્યવાહી કરાશે.

## કમળને વોટ આપો, નહીં તો લક્ષ્મી માતા નારાજ થશે : ભાજપ સાંસદ

બાગપત,તા.૧૭

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં બીજેપી સાંસદ સત્યપાલ સિંહના નિવેદનની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે. વાયરલ વીડિયોમાં ભાજપના સાંસદો પણ માતા લક્ષ્મીને મત માટે ચૂંટણીનો મુદ્દો બનાવતા જોવા મળી રહ્યા છે.ખરેખરમાં બાગપતમાં બીજેપી સાંસદ સત્યપાલ સિંહે નિવેદન આપતા કહ્યું કે, કમળને વોટ આપો, નહીં તો લક્ષ્મી દેવી ગુસ્સે થઈ જશે. મંચ પરથી બોલતા સાંસદે કહ્યું કે શાસ્ત્રોમાં લખેલું છે કે દેવી લક્ષ્મીનું આસન કમળ છે અને જે લોકો ઘરમાં લક્ષ્મી ઈચ્છે છે તેમની પાસે કમળ હોવું જોઈએ. કમળને વોટ આપવો પડશે અને કમળનું બટન દબાવવું પડશે. આટલું જ નહીં સાંસદે કહ્યું કે જેઓ કમળની સાથે નથી, માતા લક્ષ્મી તેમનાથી નારાજ થશે. લક્ષ્મીને ન ગાડું જોઈએ છે, ન કાર જોઈએ છે ન સાઈકલ જોઈએ છે, લક્ષ્મીને માત્ર કમળ જોઈએ છે. ખરેખરમાં બાગપતના સાંસદ લાભાર્થી સંમેલનને સંબોધવા માટે બારૌત આવ્યા હતા.

## મોદીના કામોને કારણે જ દેશમાં બીજેપી આવી છે. તેમના કારણે જ ઘણા રાજ્યોમાં ભાજપની સરકાર છે:અજિત પવાર

મુંબઇ,તા.૧૭

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અજિત પવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની પ્રશંસા કરી હતી.બંનેના વખાણ કરતા તેમણે કહ્યું કે આજે દેશના ઘણા રાજ્યોમાં ભાજપ સરકાર બનાવી રહી છે. આ બંનેના કારણે આજે બીજેપી ઘણા રાજ્યોમાં સરકાર બનાવવામાં સફળ રહી છે. અજિત પવારે જલગાંવમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ‘પીએમ નરેન્દ્ર મોદી પાસે આજે એ જ કરિશ્મા છે જે એક સમયે ઈન્દિરા ગાંધી પાસે હતો. આજે પીએમ મોદીના કામોને કારણે જ દેશમાં બીજેપી આવી છે. તેમના કારણે જ ઘણા રાજ્યોમાં ભાજપની સરકાર છે.

અજિત પવારે કહ્યું કે પીએમ મોદીમાં કરિશ્મા છે અને તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીના સમયમાં પણ ભાજપ સરકારને પૂર્ણ બહુમતી મળી ન હતી, પરંતુ પીએમ મોદીના કારણે સરકારને પૂર્ણ બહુમતી મળી છે.

આ પહેલીવાર નથી જ્યારે અજિત પવારે પીએમ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હોય. આ પહેલા પણ તેઓ પીએમના વખાણ પણ કરી ચૂક્યા છે. તેમણે ૨૦૧૪માં ભાજપ સરકારની બનવાનો શ્રેય પણ પીએમ મોદીને આપ્યો હતો. એપ્રિલમાં અજિત પવારે કહ્યું હતું કે ૨ સાંસદોવાળી ભાજપ ૨૦૧૪માં પીએમ મોદીના કારણે જ સરકારમાં આવી હતી. આ પછી ૨૦૧૯માં પણ ભાજપે સરકાર બનાવી હતી.બીજી તરફ અજિત પવારે એકનાથ શિંદે સરકાર પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવતા દાવો કર્યો છે કે શિંદે સરકારમાં અધિકારીઓના ટ્રાન્સફર રેટ નક્કી છે. તેમણે વધુમાં કહ્યું કે કેટલાય મંત્રીઓના અંગત સહાયકોના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે.

## દાંતા-અંબાજી જતાં વાહનો રિટર્ન, થરાદમાં સ્થિતિ અતિખરાબ, ચારણકા સોલાર પ્લાન્ટમાં ઘૂંટણસમા પાણી ભરાયા

બિપરજોય વાવાઝોડાને લઈને હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. એને લઈને ગુરુવાર રાતથી પાટણ, પાલનપુર, સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણામાં વરસાદ પડી રહ્યો છે. પાટણ જિલ્લાના સિદ્ધપુર,



રાધનપુર, સંતાલપુર, સમી, હારીજ, શંખેશ્વર અને સરસ્વતી તાલુકામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. એને લઈને અનેક ઝાડ ધરાશાયી થયાં છે. તો બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, થરાદ, વાવ, દિયોદર અને સુઇગામ તાલુકામાં વરસાદ વરસી રહ્યો છે. એને લઈને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે.

તંત્રી લેખ......

# સમાન સંહિતા પર કુપ્રચાર

કાયદા પંચ દ્વારા સમાન નાગરિક સંહિતા પર સામાજિક અને ધાર્મિક સંગઠનો પાસે મંતવ્ય માંગવાની જાહેરાત કરવાની સાથે જ તેના વિરોધમાં જાતજાતના કુતર્ક કરનારા ફૂટી નીકળ્યા છે, તે સ્વાભાવિક જ હતું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશનું માનીએ તો સમાન નાગરિક સંહિતા પર કાયદા પંચની પહેલ મોદી સરકારના ધ્રુવીકરણનો એજન્ડા છે. શું તેઓ એમ કહેવા માંગે છે કે બંધારણ નિર્માતાઓએ ધ્રુવીકરણના કોઈ એજન્ડા અંતર્ગત જ અનુચ્છેદ-૪૪ માં એમ લખ્યું હતું કે દેશના તમામ નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા લાગુ કરવી સરકારનું દાયિત્વ છે? કોંગ્રેસે આ પ્રશ્ન પર વિચાર કરવાની સાથે જ એના પર શરમ અનુભવવી જોઈએ કે સ્વતંત્રતા બાદ સૌથી લાંબા સમય સુધી શાસન કર્યા છતાં પણ તે સમાન નાગરિક સંહિતા મામલે બંધારણ નિર્માતાઓની ઈચ્છાનું પાલન નથી કરી શકી. એ માનવાનાં ઘણાં કારણો છે કે તેણે એવું જાણીજોઈને જ કર્યું છે, કારણ કે તેણે કેટલાય વિરોધ બાદ પણ હિંદુઓના અંગત કાયદાને સંહિતાબદ્ઘ કરી દીધા હતા. કાયદેસર ત્યારે જ અન્ય સમુદાયોના પણ અંગત કાનૂન સંહિતાબદ્ઘ કરીને સમાન નાગરિક સંહિતાની દિશામાં પગલાં ભરી દેવાં જોઈતાં હતાં. કોંગ્રેસે એવું ન કરીને દેશના નાગરિકોમાં ભેદ પેદા કરવાની સાથે જ તેમણે અલગ-અલગ ખાંચામાં વહેંચવાનું કામ કર્યું. એવું કરીને તેણે રાષ્ટ્રીય એકત્વની ભાવનાને કમજોર કરી અને વિભિન્ન સમુદાયો વચ્ચે એ જરૂરી સંદેશ ન ગયો કે બંધારણની નજરમાં તેઓ બધા જ એકસરખા છે.

એ ખેદની વાત છે કે સમાન નાગરિક સંહિતાના પ્રશ્ન પર કોંગ્રેસ પોતાના મૂલ્યો અને સિદ્ઘાંતો સાથે પોતાના પૂર્વજોની પણ અવગણના કરે છે. ખબર નહીં તે કેમ ભૂલી જાય છે કે ૧૯૨૮માં ભારતના બંધારણનું જે પહેલું માળખું મોતીલાલ નેહરૂની અધ્યક્ષતાવાળી સમિતિએ તૈયાર કર્યું હતું, તેમાં સમાન નાગરિક સંહિતાની તરફદારી કરવામાં આવી હતી? શું એનાથી વિચિત્ર બીજું કશું હોય કે એક સમુદાયના અંગત કાયદાઓને તો સંહિતાબદ્ઘ કરી દેવામાં આવે, પરંતુ અન્ય સમુદાયોને તેમના અંગત કાયદાઓના હિસાબે ચાલવા દેવામાં આવે અને તે પણ ત્યારે, જ્યારે એવા અંગત કાયદા કેટલાય પ્રકારની સમાજિક સમસ્યાઓ પેદા કરવાની સાથે જ મહિલાઓના હિતો પર કુઠારાઘાત કરતા હોય? સમાન નાગરિક સંહિતાને લઈને હંમેશાં એ પણ કુતર્ક કરવામાં આવે છે કે આ સામાજિક વિવિધતાની વિરોધી છે. શું સમાન નાગરિક સંહિતા અપનાવનારા અન્ય દેશો અને વિશેષ રૂપે અમેરિકામાં સામાજિક વિવિધતા નથી? ત્યાં લગભગ દુનિયાના દરેક દેશોના નાગરિકો રહે છે, એટલું જ નહીં, પરંતુ ત્યાં વસવા માટે તલપાપડ પણ રહે છે. આપણા દેશમાં પણ ગોવામાં સમાન નાગરિક સંહિતા સ્વતંત્રતાના પહેલેથી જ લાગુ છે. વિરોધ પક્ષોના નેતા સમાન નાગરિક સંહિતાને લઈને ગમે તે કહે, આ એ વિચાર છે, જેના અમલનો સમય હવે પાકી ગયો છે.



# કૃષ્ણ રસ દર્શન:ભાગ-૩

આ બીજા અધ્યાયના છેલ્લાં અઢાર શ્લોકમાં ગીતાના અઢારે અધ્યાયનો સાર આવી જાય છે .

આ શ્લોકોમાં સાંખ્યયોગ ને છાજે તેવી ક્રમિકતા તર્કબદ્ધતા તથા સુત્રાત્મકતા પણ છે અને વળી લાઘવ પણ છે . આટલા ઓછા શબ્દોમાં આવડી મોટી વાત વ્યાસમુની જ કરી શકે.

વાતની શરૂઆત કૃષ્ણ મનની કામનાઓથી કરે છે . મનોવિજ્ઞાની ફ્રોઈડે મનને ઘરની ઉપમા આપેલી અને પ્લેટોએ મનને ગુફા સાથે સરખાવેલું. આત્માના પાંચ આવરણો ગણાવાયા તે સ્થૂળ તરફથી સૂક્ષ્મ તરફનાં ક્રમમાં અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ , વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ. આ મન આખરે છે શું? એ ભૌતિક પદાર્થ નથી, શાસ્ત્રોએ આપણા મનને બંધન અને મોક્ષનું કારણ ગણાવ્યું છે.

ગીતા કહે છે મનની બધી કામનાઓને આત્મભાવમાં ઓગાળી દો. આ વાત સહેલી નથી. મનની રખડપટ્ટીના મૂળમાં ભેદબુદ્ધિ છે , જ્યારે ગીતામાં અભેદ સમાયો છે.

આત્મભાવ દ્વારા ભેદબુદ્ધિ ને ક્ષીણ કરવાની છે. મનના ઉધામા શાંત ત્યારે જ પડે, જ્યારે અભેદના પાયા પર ઉભેલો આત્મવાદ દઢ બને. યાજ્ઞવલ્કયને બે પત્નીઓ હતી . એક હતી મૈત્રેયી,જે પંડિતા હતી અને બીજી કાત્યાયની , જે સાધારણ સ્ત્રી હતી. યાજ્ઞવલ્ક્ય જ્યારે સંન્યાસ લેવા તૈયાર થયા , ત્યારે તેમણે મૈત્રેયીને બોલાવીને ધનસંપત્તિના ભાગ પાડવા વિષે પૂછ્યું . મૈત્રેયી આત્મભાવ પામી ચુકી હતી તેથી તેણે કહ્યું: " યેનાહં નામૃતા સ્યામ, કિંમહં તેન કુર્યામ" એટલે કે જેને લેવાથી હું અમૃતની પ્રાપ્તિ ન કરું તેને લઈ ને શું કરવું?

મનની બધી કામનાઓ આત્મભાવમાં ઓગાળી ચુકી હોય ત્યારે જ આવો વળતો પ્રશ્ન પૂછી શકાય. આ જ સ્થિતિપ્રજ્ઞના લક્ષણો છે.

" ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીયે કોટી ઉપાય જી;
અંતર ઊંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાય જી?"

માયા છોડવાની છે , સુખદુ:ખ, રાગ, ભય અને ક્રોધ છોડવાના છે; પણ તે મનને સાથે રાખી ને , એના પર બળજબરી કાર્યવિના છોડવાના છે.

સ્થિતપ્રજ્ઞ, ઈન્દ્રિયોના રાગ અને ભોગને આત્મજ્ઞાનમાં ભસ્મ કરી અભોક્તા તરીકે અસંગ થઈ , ભોગમાં અનાસક્ત થઈ, સ્વરૂપમાં શાંત થઈને બેસે છે.

નિરાહાર અને ઉપવાસ વચ્ચે ફરક છે . જીભ દ્વારા ખાવાનું બંધ થાય એટલે ઉપવાસ થયો એમ ન કેહવાય. જ્યાં સુધી મનની પરવાનગી ન મળે, એટલે કે મનમાંથી વિષયો ખરી ન પડે ત્યાં લગી ઈન્દ્રિયો પાસે સંયમ પળાવવો એ હઠાગ્રહ ગણાય. ન્યૂ ટેસ્ટામેન્ટમાં ઈસુ કહે છે: " તમે કોઈ સ્ત્રી વિષે વિષયયુક્ત વિચારો સેવો તે એની સાથે સંભોગ કરવા બરાબર છે . અને આ વાત સમજવામાં આપણા ઘણા સંતો, મહંતો, પાદરીઓ , આચાર્યો અને મહામંડલેશ્વરો ગોથું ખાય ગયા છે.

" ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપુર જી."

ઉપવાસીને વાનગીના વિચારો સતાવે. કારણ? શરીરના વિષયો ટાળ્યા ખરા પણ મનમાં રસ રહી ગયો. મનના સહકાર વગર ઉપવાસ એટલે ભૂખ્યા રહેવાનો વ્યાયામ . ' બારણાં ઉઘાડા અને ખાળે ડૂચા. ' જેવું ઉપરથી લાદેલાં સંયમમાં થાય છે. વાસનાને ધીરે ધીરે મનમાંથી કાઢવાની છે, જેથી પ્રતિક્રિયાઓ ન જન્મે.

ઈશ્વરમયતા કેળવતા જઈને બધાં કર્મો કરવા એ કર્મયોગીની રીત થઈ. વિષયવાસના સાથે સમજપૂર્વક કામ પાડવાનું છે . પ્રત્યેક દુર્ગુણ સાથે એની છાયા જેવો સદગુણ હોઈ છે. સદગુણ એ દુર્ગુણનું મારણ છે. લોભનું મારણ દાન છે . મોહનું મારણ અસંગ (અનાસક્તિ) છે. ક્રોધનું મારણ ક્ષમા છે. અને વિષયવાસના નું મારણ પરિશુદ્ધ પ્રેમ છે. ટૂંકમાં આપણી નબળાઈઓને સમજીને પુરી નમ્રતા સાથે, વિવેકપૂર્વક મનમાંથી દૂર કરવાની છે.મનનું પાત્ર છલોછલ ઈશ્વરમયતાથી જ ભરેલું હોય, પછી એમાં બીજું શું સમાય શકે?

પ્રત્યેક માણસ સુખ અને શાંતિ ઝંખે છે. કોઈને અશાંતિ ગમતી નથી . ઘરમાં વિદ્યુતપ્રવાહને બંધ કરવા કે ચાલુ કરવા એક મેઈન સ્વીચ હોઈ છે. એ સ્વીચ બંધ હોય પછી બાકીની સ્વીચ ઉપર નીચે કરે તેનો શો અર્થ? ગીતા અહીં એક મજાનો શબ્દ યોજે છે 'અયુક્ત' અયુક્ત એટલે જે જોડાયો જ નથી. ભગવાન સાથે જે જોડાયો નથી, ભગવાનનું ચિંતન પણ જેનાથી થઈ શકયું નથી તો તેની વ્યવસાયાત્મક બુદ્ધિ હરાય જાય છે . જેમ વાયુ જલમાં તરવાના સાધનરૂપ નૌકાને ખેંચી જય ડુબાડી દે છે. તેમ આ ઈન્દ્રિયો માણસના તરવાના સાધનરૂપ વ્યવસાયાત્મક બુદ્ધિને હરી જઈ તેનો અધ:પાત કરાવે છે.

જેણે સંયમ કેળવ્યો છે તેનું આત્મજ્ઞાન જાગે છે . હું તો અભોક્તા,અકર્તા,કર્મ,ફળ અને તેના બંધન થી અસંગ છું તેવા જ્ઞાનમાં જ્ઞાની જાગે છે . તે આત્મજ્ઞાની છે. આત્મભાવ કેળવવો એટલે આપણા વ્યક્તિગત લયને ત્રિભુવનમાં વ્યાપી રહેલા વિશ્વનિર્મિતીના લઈ સાથે જોડવાનો પ્રયત્ન.

નરસિંહ મહેતા મૂળભૂત જીવનપ્રવાહ સાથે આપણા જીવનપ્રવાહને જોડવાની વાત કરે છે. આવું જોડાણ ન થાય ત્યાં સુધી ' સાધના સર્વ જૂઠી ' એવી સાફ વાત નરસિંહ મહેતા કરે છે.

નદી જ્યારે સાગરમાં પ્રવેશે ત્યારે નદી મટી જાય છે. એનું વિલીનીકરણ નિરપવાદ અને નીઃશેષ હોઈ છે. આપણા અહંકારની ખીંટી આપણું મન છે. સાધકે દેહમૃત્યું પહેલા અહંતા મૃત્યુ માટે મથવું પડે છે .

મનનું લક્ષણ છે મર્યાદા. શરીરની મર્યાદાઓ શારીરિક. જ્યારે મનની માનસિક. શરીર કરતાં એ ઘણું સૂક્ષ્મ અને વ્યાપક ,પરંતુ જે અમર્યાદ છે તેને સમાવવાનુ એનું ગજું નથી . અહંકાર અને મન વચ્ચેની ભાઈબંધીને કારણે સરહદો ઉભી થાય છે. મનની કામનાઓ ખરી પડે અને અહંતા-મમતા કરમાય જાય પછી જે સ્થિતિ પ્રાપ્ત થાય તેને ગીતાએ 'બ્રહ્મદશા' કહી. આ બ્રહ્મદશા એટલે બ્રહ્મભાવનું સાતત્ય. મનની સરહદો વળોટીને અનહદની આણ સ્વીકારવાની સાધના એ સ્થૂળની સીમા વટાવીને સૂક્ષ્મના પ્રદેશમાં પગલાં માંડવાની સાધના એટલે મહાપ્રભુજીએ કંડારેલો સેવામાર્ગ.

સ્થિતપ્રજ્ઞ દર્શનના આ અઢાર શ્લોકોની ખૂબી તો જુઓ ! મનની કામનાઓથી શરૂ કરી , આસક્તિ , કામ, ક્રોધ, મૂઢતા, સ્મૃતિલોપ, બુદ્ધિનાશ, વિનાશ, પ્રસન્નતા અને શાંતિ જેવાં સ્ટેશનો વટાવી ને આપણે છેક બ્રહ્મનિર્વાણ સુધીની વિચારયાત્રા કરાવી દિધી તે યાત્રા ને આચરણ યાત્રામાં રૂપાંતર કરવું એટલે અવિદ્યાના પાંચ પર્વને વળોટી પાંચવિદ્યા પર્વમાં સ્નાન કરી અણીશુદ્ધ બની વ્યાપકતાના કર્તા સર્જનહાર સાથે એકરૂપ થવું. કૃષ્ણને મોઢેથી ગીતા સાંભળવામાં અર્જુન એટલો સમરસ થયો કે એને પણ'કૃષ્ણ' સંજ્ઞા મળી આ બંનેનો સંવાદ રજૂ કરનારા વ્યાસજી પણ એમ કરવામાં એટલા પીગળીને સમરસ થયા કે , તેમને ય લોકો 'કૃષ્ણ' નામથી ઓળખવા લાગ્યા.

આપણે માત્ર કૃષ્ણનો આભાર માનીએ તેમાં અર્જુન અને વ્યાસજી આવી ગયા . 'રકૃહા અેં' કહીને અટકવાનું નથી . ગીતાના સંદેશને જીવનમાં ઉતારવા મથીયે એ જ કૃષ્ણને આભારની લાગણી પહોંચાડવાની સાચી રીત છે. તો કૃષણ પણ 'અેં are welcome' કેહવા માટે તૈયાર છે.

**★શ્રી સાંખ્ય-યોગ સમાપ્ત★**

**-ક્રમશઃ**



**આલેખન:ભરત સાંગાણી**

# તમને ચોમાસા વિશે ધડમાથા વગરની માહિતી મળે તો રાજુ રદીને ફોન નંબર-ટટટટટટટટટટ પર જાણ કરવા ધમકી છે. ઇનામ તરીકે વરસાદના પાઉચ આપવામાં આવશે!!!

આપણે ચોમાસાને રાજાધિરાજ કે સમ્રાટનો દરજ્જો આપેલ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસોનો આગવો ઠાઠબાટ છે. વસંતપંચમી ક્યારે આવે છે અને ક્યારે ચાલી જાય છે તેની ખબર તારીખિયા કે કેલેન્ડર પરથી કે કવિઓની કવિતા પરથી ખબર પડે છે!! જ્યારે ચોમાસાની ખબર ડંકે કી ચોટ પર પડે છે!!વરસાદના બે છાંટા પડે કે આકાશમાંથી કાચું સોનું વરસ્યું કે અમૃતવર્ષા, શ્રીકારવર્ષા એવા ટાઇટલ કે બેનર વર્તમાનપત્રો બનાવે છે. કોઇ ઋતુને વધાવવા લાડુ બનાવવામાં આવે એવું કદી સાંભળ્યું છે?? આપણા ભૂતપૂર્વ કૃષિમંત્રી ભૂરેન્દ્રસિહ ચૂડાસમા વરસાદને વધાવવા મેઘલાડું જમાડતા હતા!! તમે ગરમીથી બચવા એક, દોઢ કે બે ટનના એસી લગાવો અગર સેન્ટ્રલ એસી લાવે પણ વરસાદ થયા પછી કુદરતનું જાયન્ટ એસી જે શીતળતા હદયમમનને પ્રદાન કરે છે એ શીતળતા પહેલાં એસીના ડબલામાં કયાં મળે છે???

વરસાદ પડે કે આવે એટલે ''વરસાદ ઘેબરિયો પ્રસાદ ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.'' સ્વયંસ્ફુરિત થાય છે( ઇંગ્લિશ મિડિયમમાં શટરપટર કે ગોટપીટ ભણેલા રેઇન ગો અવેની કવિતા ગાય છે, લો બોલો!!) વરસાદ આવે અને બીજુ કંઇ સૂઝે કે ના સૂઝે પણ ગરમગરમ ભજિયા અને ચાની લિજ્જત માણવાનું સૂઝે છે!!છતા ભોજનરસિકને અરસિક માનવામાં આવે છે!! કેવો ઠંડો ઠંડો આઇસ્ક્રિમ જેવો હળહળતો અન્યાય છે??

કવિ લોકોએ વરસાદ પહેલાં ખોળાનો દીકરો હોય તેવા અને તેટલા વરસાદને લાડ લડાવ્યા છે!! હું અને તમે બધા પાણી પીએ છીએ તેની નોંધ સુધ્ધાં લેવામાં આવે છે કે કેમ એ તોતિંગ સવાલ છે. એક ચાતક નામનું પક્ષીડું છે. આ પક્ષી સ્વાતિ નક્ષત્રમાં પડતું વરસાદનું પાણી પીવે છે એટલે જગમશહૂર થઇ ગયું છે. ચાતકને બીજા નક્ષત્રનું પાણી પીવાની કોઇએ ના કયાં પાડી છે?? ખાલી પ્રસિદ્ધિ મેળવવા ગિમિકસ રિમિકસ કરે છે!!વાસ્તવમાં અન્ય નક્ષત્રનું પાણી પી ન શકે એ તેની આરોગ્યવિષયક ગંભીરતમ ક્ષતિ કે ન્યુનતા ગણાય!! તેનો ટેલિમેડીસીન મારફત ઈલાજ કરાવવો જોઇએ!!

હિન્દી ફિલ્મોમાં વરસાદના એટલા ગીતો છે કે કોઇ નિર્માતાએ વરસાદી ગીતો પર રેઇન ફાઇલ કે રેઇન સ્ટોરી ફિલ્મ બનાવવી જોઇએ. આ પ્રકારની ફિલ્મો આજકાલ હીટ ફિલ્મોની ફોર્મ્યુલા માનવામાં આવે છે. ફિલ્મને કરમુકિત મળે તે બોનસમાં !! બરસાતમેં હમ સે મિલ તુમ રે સજ્જન બરસાતમાં . અલી અકકલમઠી બાઇ હીરોને વરસાદમાં પલળવાથી શરદી કે ન્યુમોનિયા થઇ જશે તો તેની સારવાર તમારા પરમ પૂજય પિતા કરાવશે??? વરસાદમાં ગીત ગાવાથી ભીના કપડા શરીર સાથે ચોંટી જાય.(ભીના કપડાં ટ્રાન્સપરન્ટ હોય એવું દેખાડી અંગ પ્રદર્શનના આસવ પીરસવામાં રાજકપૂરની જેમ બધા નિર્માતા માહિર થઇ ગયા છે! ફિલ્મ હિટ કરવાની ચીપ ફોર્મ્યુલા છે!!)બેનબા, મળવું હોય તો શિયાળામાં ગરમ કપડા પહેરીને મળ! કેવું ડિલિપ્લિન્ડ સ્કૂલી ચિલ્ડ્રન જેવું લાગે!!

એક ગીતમાં ''એક છત્રી ઔર હમ દો કુછ કરો ''એવું ગાય છે. આમાં સરકાર કંઇ કરે તેની આશા ન રાખવી. સરકાર રોડમાં પડેલ ભૂવા કે ભરાયેલ પાણીનું કંઇ કરતી નથી તો તારી સમસ્યા ઉકેલવા ભગવાન વિષ્ણુનું માફક શંખ, ચક્ર, ગદા ,પદ્મ લઇને ન આવે!! કેમ કે, શેષનાગ પર પડતું પાણી ટમલર ટમલર ભરી ડોલથી કાઢવાના ડોમેસ્ટ્ક કામમાં લાગ્યા હોય તો ભક્તની ફરિયાદનો નિકાલ કરવા કયાંથી આવે ??હવામાનના સમાચાર સાંભળીને બ્રિટિશર છત્રી, સ્વેટર લઇને ઘરેથી નીકળે છે. ભઇ તું ઘરેથી નીકળે તો હવામાન ખાતાની આગાહી સાંભળીને નિકળવું. (હવામાન ખાતાવાળા પણ તેમની આગાહી સિરિયસલી લેતા નથી. ચોવીસ કલાકમાં ભારેથી અતિભારી વરસાદ પડશે તેની આગાહી કરનાર બાબુઓ રેઇનકોટ , છત્રી કે ઈવન અડધી છત્રી પણ લઇને નીકળતા નથી!! ચોવીસ કલાક વાતાવરણ સૂકું રહેશે તેવી આગાહી કરનાર છત્રી અને રેઇનકોટ લઇને ઘરેથી નીકળે છે. ઘરથી પાંચ ડગલા ચાલે કે વરસાદ ચાલુ થાય એટલે છત્રી ખોલી કાઢે છે!!) બે જણ એક છત્રીમાં રહે તો કદાચ પ્રેમ બ્રેમ વધવાનો ભ્રમ વધતો હશે!! બાકી વરસાદથી રક્ષણ ન મળે. માત્ર વરસાદની સિઝનમાં છત્રી કાગડો થઇ જાય છે એવું પચ્ચીસ ચોમાસાનો તુલનાત્મક અને તલસ્પર્શી અભ્યાસ કરીને અમારા રાજુ રદીએ તૂટેલ ફૂટેલ સંશોધન કરેલ છે!! ભાઇ વરસાદમાં બંને જણને બહાર નીકળવાનો ઢઢો એટલે કે શોખ હોય તો સરકારે રેંકડી વાળાને 'ગુજરાત સરકારનો છાંયડો ' લખેલ જમ્બો સાઇઝની છત્રી નહીં ,પણ છત્રો લઇને નીકળ!! ઓરીજીનલ જીએફ ઉપરાંત બીજી બેત્રણ જીએફ સમાઇ જશે!! બોલ, અંબે માતકી જય!!

આપણા કોઇ ગુજરાતી કવિને નારીરત્નનું ચપણ સૌંદર્ય ચર્મચક્ષુથી નિહાળવું છે. કવિ ફટકારે છે કે ''ભેજમાં ચાલે અને પાલવ ના ઉઠાવે , ઘાયલની નજર પ્યાસી રહી જાય છે!! '' અલ્યા કવિડા ઘરે મા-બેન નથી? એને જઇને આવું કહેને બાપલિયા!! ધીરો પડ. વરસાદમાં તારા ગાલ ભીની સેન્ડલ વર્ષા સહન નહીં કરી શકે!!!

ઉનાળાની કાળઝાળ અને ભૂકકા કાઢી નાંખતી ગરમી કે જયાં વૃક્ષનું પાંદડું પણ હલતું ન હોય, નેપકીન તો સમજ્યા પણ ટોવેલ પણ શરીર રહેલા પરસેવાને લુંથવાથી નિચોવવો ત્યારે પશુપંખી, આબાલવૃદ્ધ એક જ આર્તનાદ કરે છે કે હવે તો રાજાનો રાજા મેહુલિયો મેહરબાની કરે તો સારું

આપણા ખલીલ ધનતેજવી સાહેબ ફરમાવે છે.''

''તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.''

અરે સાહેબ બે ટીપા વરસાદ પડે અને છત બાર કલાક ટપકે છે. મૂઓ વરસાદ બહુ વિતાડે છે! વાર્તામાં પેલી ડોસી પણ વાઘ સિંહથી ડરતી ન હતી પણ ટાઢા ટબુકલા એટલે વરસાદથી ડરતી હતી. છતમાંથી વરસાદનું ટપકતું પાણી ભરવા માટે ડોલ ,ડબલા, તપેલી, તપેલા, કથરોટ, કડાઇ, વાટકી ચમચી મિસાઇલ કે તોપની માફક ગોઠવી દે છે!!

કવિ તુષાર શુકલ ફરમાવે છે.

''આંખોમા બેઠેલા ચાતક કહે છે,
મારું ચોમાસું ક્યાંક આસપાસ છે;
ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું
કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે.''

ગાલ પર લજાજાની નહીં પણ મેકઅપની લાલી લિપસ્ટિક છે તે કવિને દેખાતી નહીં હોય???

સોરઠી શાયર મનોજ ખંડેરિયા ફરમાવે છે.

'' જાત છત્રીથી ઢાંકી ફરતા સહુ , હું
કરું કોને પેશ ચોમાસું
ખોલીને મેઘદૂત વાંચ્યા કર ,
હાથવગું છે હમેશ ચોમાસું''

કવિ કોને ચોમાસું પેશ કરવાની ગડમથલમાં છે.

આભાર - નિહારીકા રવિયા અહીં વરસતા વરસાદમાં બેસન કોરું લાવવાની વિમાસણ છે!!

ઓલ ટાઈમ ગ્રેટ રમેશ પારેખ વરસાદની આડઅસર વર્ણવે છે.

'' થરથર ભીંજે આંખકાન,
વરસાદ ભીંજવે,
કોને કોનાં ભાનસાન, વરસાદ
ભીંજવે.''

એક મચ્છર સાલા આદમી કો હીજડા બનાવી દે તેવું વરસાદનું છે!!

આપણા અમર વાર્તાકાર ધૂમકેતુએ રાજપુતાણી નવલિકામાં નાયિકા મારફત ચોમાસાને વખોડે છે અને શિયાળો શ્રેષ્ઠ સાબિત કરે છે!!!

આ વરસાદાયણ કરવાનું પ્રયોજન શું એવો તમને સવાલ થશે?? આપણો વરસાદ ક્યાંક ખોવાઈ ગયું છે!!! આમ, તો ચોમાસું સીધી લાઇનનું છે.અલબત, છોકરીઓ પર ક્રશ છે. છોકરીઓ પર કોને ક્રશ હોતો નથી?? બાકી એની ચાલચલગત, ચરિત્ર જલેબીના ગૂંચળા જેવું નિષ્પાપ સીધી છે! અવનિ, ધરણી, ભૂમિ, પૃથ્વી સાથે નિર્દોષ લફરાંના ઉફારા કરે છે. રાજુ રદી શેરી, મહોલ્લો, લવ ગાર્ડન, રેસ્ટોરેન્ટના કપલ રૂમમાં વરસાદને ખોળવા ખાંખાંખોળા કર્યા છે. મજકૂર ઈસમ મળી આવેલ નથી. પાકી ખબર છે કે અરબી સમુદ્રમાંથી વરાળ સ્વરૂપ થઇ હવાઇ માર્ગે મિસ્ટર રેઇન પહેલી જૂનના રોજ કેરળ મુકામે ધામધૂમથી પહોંચવાની વકી હતી .હઅરબી સમુદ્રમાંથી નીકળ્યા બાદ રડારમાંથી ગૂમ થયેલ છે( રાતના સમયે પ્લેન વાદળમાંથી નીકળે તો રડારમાં દેખાય નહીં તેવું જબરદસ્ત સંશોધન અમારા મહાનતમ વેજ્ઞાનિક માનનીય પ્રમુખ સેવકશ્રીએ કરેલ. નોબેલ સમિતિ અહેસાન ફરામોશ છે. શકવર્તી અને ઐતિહાસિક મૌલિક સંશોંધનની ધરાર અવગણના કરી સેવકશ્રીને એક ડઝન તો ઠીક પર પોણો,અડધો કે પા નોબેલ ન આપ્યો. મોટા રોકાણમાં લોકો પૈસા , બે પૈસા, પાંચ પૈસા કે પાવલી પ્રમાણે મૂડી રોકાણ કરે છે. તેમ દસ પૈસા લેખે નોબેલ આપે તો એમના પરમ પૂજય પિતાશ્રીનો કયો લકુંબો લૂંટાઇ જવાનો હતો? આ તો એક વાત થાય છે!!)

ચોમાસુ. આ શબ્દ અરબી શબ્દથી આવ્યો છે મૌસિમ વાય એટલે મોસમ. આ પ્રકારના નામ એ સીઝનનો સંદર્ભ આપે છે જેમાં અરબ અને ભારત વચ્ચે સ્થિત દરિયામાં પવન પલટાઈ જાય છે. આવી વિલક્ષણતા ધરાવતા ચોમાસાનું આંતરરાષ્ટ્રીય ચાંચિયા, હેકર્સ કિડનેપિંગ કર્યું હોય તેવી સંભાવનાનો ઈન્કાર કરી શકાય નહીં . જો ચોમાસાનું અપહરણ ન થતું હોય તો દુબઈમાં કરા કે વરસાદ કયાંથી પડે? માય લોર્ડ યેહ પોઈન્ટ નોટ કિયા જાય!!ડી ગેંગ એટલે કે દાઉદ ગેંગે પણ ગેમ કરી હોય!! અદનાન ખશોગી કે તાલીબાન પણ શકમંદની યાદીમાં છે!!

ચોમાસું બર્ગર, પિત્ઝા, પાસ્તા, મોમો, નાચોઝ, ગાંઠિયા, સમેલા,ભજીયા,ખાંડવી, જલેબીનું શોખીન છે. ક્યારેક પહેલી ધારનો ચાખીબાખી લે! ચિલ્ડ બિયર તેની નબળાઈ છે!! ક્યાંક રમવો લાર્જ પેગ મારીને બગીચાના બાંકડે ઘસઘસાટ સૂઉં ગયું હોય. કોઈ શ્વાન તેનું મુખકમળ ચાટતું હોય.

પોલીસે ફરિયાદ લેવાની ના પાડી છે. તેના જયુરિડિકશનની બહાર છે. ઝીરો નંબરની કમ્પ્લેઈન્ટ લે પણ કયાં મકાન સ્ટેશનને ટ્રાન્સફર કરે?? આ વરસે ચોમાસું સંતાકૂકડી રમી રહ્યું છે. હવામાનખાતુ ચોમાસાના આગમન માટે તરેહ તરેહની સ્ટોરીઓ બનાવે છે. જેમ કે અલ નીનો ઈફેકટને લીધે ચોમાસું સામાન્ય કરતા નબળું રહેશે. ચોમાસું દરિયામાં રોકાઈ ગયું છે. ચોમાસું આયર્નખાનની માફક ક્રુઝમાં ડ્રગ્ઝ પાર્ટી કરતું હશે કે શું? સમીર વાનથેડેને પૂછીએ તો સત્ય બહાર આવે!!હવામાન ખાતા કરતા અંબાલાલ પટેલ અને કુંભારનો ગધેડો પૂંછડી ફેરવીને વરસાદની સચોટ આગાહી કરે છે!! ટીટોડી જેટલા ઉંચે ઈંડા મુકે તેમ વધુ વરસાદ થાય!!

છેલ્લે દસમીએ કેરળ પહોંચશે તેવું નિરાધાર અને અવિશ્વસનીય સ્ત્રોત તરફથી જાણવા મળ્યું છે.,અંબાલાલ પટેલે સમર્થન આપેલ નથી. જો તમને ચોમાસા વિશે ધડમાથા વગરની માહિતી મળે તો રાજુ રદીને ટટટટટટટટટટ પર જાણ કરવા ધમકી છે. ઈનામ તરીકે વરસાદના પાઉચ આપવામાં આવશે!!!

ભરત વૈષ્ણવ

# જુના જાણીતા ગાયક "શારદા"



૧૯૬૬માં આવેલી ફિલ્મ સુરજના ખુબ જ જાણીતા ગીત "तितली ऊडी " પીઢ ગાયિકા અને સંગીતકાર શારદા રાજનનું ૮૬ વરસની કેન્સરને કારણે નિધન થયું છે. શારદા તેમના અવાજ માટે ખુબ જ લોકપ્રિય થયા હતા. શારદાએ ઘણી ફિલ્મોમાં અભિનેત્રી રાજેશ્રી માટે ગીતો ગાયા હતા

શારદાનું મુળ નામ શારદા રાજન આંયગર છે. શારદાનો જન્મ તમિલ પરિવારમાં થયો હતો. આપણા મહાન શો મેન રાજકપુરે શારદાને બૉલીવુડમાં જાણીતા કર્યા હતા રાજકપુરે જ શારદાનો પરિચય સંગીત નિર્દેશકો શઁકર જયકિશન સાથે કરાવ્યો હતો. તેમણે જ શારદાને સુરજમાં પ્રથમ બ્રેક આપ્યો હતો આ પ્રથમ ગીતને મોહમ્મદ રફી સાથે ફિલ્મફેર એવોર્ડ પણ એનાયત થયો હતો

જયારે લતા અને આશા મોટે ભાગે ગીતોમાં પોતાનો અવાજ આપતાં હતા ત્યારે શારદાના પરંપરાથી જુદા પડતા બાળક જેવા અવાજથી તે યુગમાં પરિવર્તન થયું હતું

શારદાએ એન ઈવનિંગ ઈન પેરિસ અરાઉન્ડ ધ વર્લ્ડ ગુમનામ સપનોકા સોદાગર અને કલ આજ ઓર કલ જેવી ફિલ્મોં પોતાના અવાજનો જાદુ રેલાવ્યો હતો. શારદાના ગીતો મુમતાઝ રેખા હેમા માલિની શર્મિલા ટાગોર અને વેજ્યંતીમાલા પર ફિલમાવામાં આવ્યા હતા

શારદાએ તે સમયના મોટા સઁગીત નિર્દેશકો સાથે તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં ગીતો ગાયા હતા ૭૦ ના દાયકામાં તેઓએ તેમનું પૉપ આલ્બમ પણ લોંન્ચ કર્યું હતું તેમનું છેલ્લું ગીત ૮૦ ના દાયકામાં આવેલી ફિલ્મ "કાચ કી દીવાર "માં આવ્યું હતું ૨૦૦૭ માં મિર્ઝા ગાલિબની ગઝલોના આલ્બમ અંદાજે બયા સાથે પુનરાગમન પણ કર્યું હતું

શારદા ટ્વીટર પર સક્રિય હતા અવારનવાર શારદા તેમના સુવર્ણ દિવસોના વિડિઓ પોસ્ટ કરીને યાદગીરીઓ મમળાવતા હતા વિષેશમાં શારદા બાળકો માટે ગાયન અને કઠપૂતળીની કલાના વર્ગો પણ ચલાવતા હતા

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N O G S S N O 149
વિષય માન સન્માન
શીર્ષક આપવું પડશે માન
પ્રકાર પદ્ય
શબ્દો ૮૫
નામ પલ્લવી જોષી. સરિતા

આપવું પડશે માન

માંગશો જો માન તો પહેલાં આપવું પડશે તમારે માન,
વાવશો જો બાવળ તમે તો
નસીબમાં આંબા કયાંથી હોય...

નાના થઈ જો આપશો તમે
તમ વડીલોને અઢળક માન,
ચોક્કસ મળશે સન્માન રૂપી
આશિષ તમોને જો માનથી...

મારું તારું કર્યા વિના વિચારો
તમે તમારા એ માન સન્માનને,
કોને,કયાં,કેવું ને કેટલું આપવું
ને પોતે કેવી રીતે મેળવવું માન...

કરશો માનથી જો તમે પ્રણામ
માતા-પિતા અને ગુરુજનોને,
જોશે તમ સંતાન તો એ કરશે
અવશ્ય પ્રણામ તમને માનથી...

રાજા ને રંક,અમીર ને ગરીબ
નાના ને મોટા છે સરખા અહીં,
આતો શતરંજ છે વર્તન તણી
દુનિયાનો દસ્તૂર છે સન્માન...

આપશો જો માન તો તમે
ચોક્કસ પામશે સન્માન,
વિધિવિધાન છે કે એક
હાથે લેવુંને બીજે હાથે દેવું...

પલ્લવી જોષી. સરિતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0092
પ્રકાર :- પદ્ય
વિષય:- માન- સન્માન
શિર્ષક :- માન, સ્વમાન અને સ્વાભિમાન

માન-સન્માન મેળવવામાં જ,
અહીં જિંદગીની જીત છે.
કમાવવું, ખરીદવું ને ડરાવીને લેવું,
સહુની પોતાની એ માટેની એક રીત છે.

કાર્યો સારા કરે માનવી,
નજરે અન્યની ચઢવા.
બહુ ઓછા કરે નિજ તૃપ્તિ કાજે,
મોટાભાગે ચાહે અન્યના મન પર છાપ છોડવા.

માન મળે કરેલ સુકૃત્યો બદલ,
એ જ હોય સહુને મન ખેવના.
કદર થાય કરેલ પ્રયાસોની,
એની જ રાખે બસ સહું કોઈ કામના.

જાણે છે સિદ્ધાંત સહું કે,
કરેલા સુકાર્યોનું ફળ ઈશ્વર આપે જ છે.
છતાંય માનવી ચાહે બનવા શ્રેષ્ઠ સમાજમાં,
એટલે જ કાર્યોની વિગતોને લંબાવીને છાપે છે.

સન્માન મેળવવા ટૂંકા રસ્તાય એ અપનાવે છે,
પારિતોષકો ખરીદે છે ને સન્માનપત્રો છપાવે છે.
થોડાક રૂપિયા વેરી, સમારંભો આયોજાવે છે,
સન્માનને નામે ખુદની કીર્તિક્ષુધા એ છીપાવે છે.

માસ્લોએ ખરે જ કહ્યું છે કે સામાજિક જોડાણો
પછી,
માનવ ખુદની ઓળખ માટે વલખાં મારે છે.
પોતાની કદર, માન-સન્માનને પ્રશંસાની ભૂખ માટે,
ખુદને અને અન્યને મહોરાં બનાવે છે.

અન્યના પ્રશસ્તિપત્રો પર ચાલતી આ દુનિયામાં,
માનવનું અસલી હીર ક્યાં કોઈને દેખાય છે?
હીરવાનને જરૂર નથી કોઈના વિશેષણો કે
ખિતાબોની,
માન-સન્માનની દોટ દીવાના પ્રકાશે ઝળહલિત
પતંગિયાઓને જ વર્તાયે છે.

ખુદની નજરમાં ખુદનું માન-સન્માન હોવું,
એ ખરેખર ખૂબ જરૂરી છે નહીં તો,
પ્રશસ્તિપત્રો ને પારિતોષકોના ઢગલા વચ્ચે,
એ ખુદથી જ નજર મેળવતાય શરમાયે છે.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૩૬ અને ચાંદીમાં રૂ.૧,૫૪૪ની નરમાઈ

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૦૭ લપસ્યો: કોટન-ખાંડી વાયદામાં રૂ.૧,૮૬૦નો સાપ્તાહિક ધોરણે કડાકો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૧૨,૯૭૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૫,૦૦,૩૬૧ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૭૪ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૯થી ૧૫ જૂન સુધીના સપ્તાહ દરમિયાન ૭૬,૦૮,૩૪૫ સોદાઓમાં કુલ રૂ.૬,૧૩,૬૦૮.૦૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૧૨,૯૭૨.૮૦ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૫૦૦૩૬૧.૭૨ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯,૪૨,૦૬૨ સોદાઓમાં રૂ.૬૦,૩૮૫.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૯૩૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૧૧૬ અને નીચામાં રૂ.૫૮,૬૬૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૩૬ ઘટી રૂ.૫૯,૩૫૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૨૭ ઘટી રૂ.૪૭,૮૮૧ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૫,૯૨૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૦ ઘટી રૂ.૫૯,૨૪૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૩,૮૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૪,૩૨૪ અને નીચામાં રૂ.૭૦,૭૧૫ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૫૪૪ ઘટી રૂ.૭૨,૧૨૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૪૬ ઘટી રૂ.૭૨,૧૩૬ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૭૧ ઘટી રૂ.૭૨,૧૩૧ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૦૪,૯૮૩ સોદાઓમાં રૂ.૧૨,૦૪૧.૦૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૨૪.૭૦ના ભાવે ખૂલી, રૂ.૧૦.૨૫ વધી રૂ.૭૩૫.૨૫ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૨૦૪.૫૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૦ વધી રૂ.૨૨૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૦૪.૮૦ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૫ વધી રૂ.૧૮૪.૩૫ જસત-મિની જૂન વાયદો રૂ.૬.૫૦ વધી રૂ.૨૨૨.૨૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧૦,૩૧,૬૪૫ સોદાઓમાં રૂ.૪૦,૪૪૧.૩૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૮૬૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૯૨૬ અને નીચામાં રૂ.૫,૫૨૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૦૭ ઘટી રૂ.૫,૭૯૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૧૦૬ ઘટી રૂ.૫,૭૯૫ બંધ થયો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૨ના ભાવે ખૂલી, રૂ.૧૬.૪૦ વધી રૂ.૨૦૯.૩૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૧૬.૪ વધી ૨૦૯.૪ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે રૂ.૧૦૪.૪૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૦૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯,૨૦૦ અને નીચામાં રૂ.૫૬,૯૪૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૮૬૦ ઘટી રૂ.૫૭,૩૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૮.૭૦ વધી રૂ.૯૩૧.૯૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૩,૪૨૩.૩૫ કરોડનાં ૩૯,૪૨૨.૩૫૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૬,૯૬૨.૬૧ કરોડનાં ૫,૦૮૦.૧૩૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૮,૯૬૩.૧૫ કરોડનાં ૩,૩૧,૭૭,૭૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૧,૪૭૮.૨૩ કરોડનાં ૧,૧૦,૫૬,૭૧,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૮૮૭.૭૪ કરોડનાં ૪૩,૩૭૧ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૬૫.૮૭ કરોડનાં ૧૪,૫૦૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭,૨૫૦.૦૪ કરોડનાં ૯૯,૬૪૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૬૩૭.૩૯ કરોડનાં ૧,૬૭,૪૬૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬૪.૬૨ કરોડનાં ૧૧,૦૮૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૯.૮૦ કરોડનાં ૪૩૧.૨૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૦૯.૦૭૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૭.૩૩૩ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૩૫૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૮૨૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૦૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૦૬૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૫,૧૫,૫૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૯૨,૨૧,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૩,૩૭૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૦૦.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૭૩.૫૬ કરોડનાં ૩૪૦૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૮૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૨૨૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૮૨ અને નીચામાં ૧૫,૮૪૧ બોલાઈ, ૪૪૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧૪ પોઈન્ટ ઘટી ૧૬,૦૨૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫૦૦૩૬૧.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૧૪૧.૮૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૫૭૨.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૨૧૪૩.૨૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૪૪૭.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

## કાનાની મુરલી

મુરલીના ભાગ્યનો ના કાંઈ પાર
કાનાએ પ્રેમથી અધરે સજાવી
તુજને નિરખું કે અધરોને ભાળું
નયનોની મારી પ્યાસ બુઝાઈ
★★
મુરલીના ભાગ્યનો ના કંઈ પાર
કાનાએ પ્રેમથી અધરે સજાવી
★★
તે કેટલા તપ કર્યા હતા
તને ઘડનારે પ્રાણ રેડ્યા હતા
મુરલીના ભાગ્યનો ના કંઈ પાર
કાનાએ પ્રેમથી અધરે સજાવી
★★
છડી હાથને મોરપીંછ શિર ધર્યું
કેસરી ઉપરણો ઉર પર ધર્યો
મુરલીના ભાગ્યનો ના કંઈ પાર
કાનાએ પ્રેમથી અધરે સજાવી
★★
ખુશીની મારી મધુરા સૂર રેલાવે
વનરાવનમાં પશુ પંખીને ડોલાવે
મુરલીના ભાગ્યનો ના કંઈ પાર
કાનાએ પ્રેમથી અધરે સજાવી
★★
મુરલી તું અતિ સુંદર દીસતી
તારે અંગ અંગ વિંધાઈ હતી
મુરલીના ભાગ્યનો ના કંઇ પાર
કાનાએ પ્રેમથી અધરે સજાવી

## કારણ બતાવો નોટીસ

બધા સફેદ વાદળો,
માણસોની મલિનતાનો ,
હેર કલર લગાવી કાળા થયા.
કાળા થયા એટલે રૂપાળા થયા.
બધાએ ભેગા થઈ,
તરસી ધરતીને,
જળાક્ષરથી લખેલી કારણદર્શક
નોટીસ આપી.
એમાં બે ચાર રૂમઝૂમ રીમઝીમ
જળછાંટણા બીડ્યા.
બિડાણમાં,
વાદળોના ગડગડાટ,
વીજળીના ચમકારા,
મોર બપૈયાના ગાન, ચાતકની તરસ
બીડી.
નોટિસમાં ખુલ્લી ધમકી આપી ,
ચાર મહીના વગર નોટીસે
આવાગમન રહેશે,
નિંભાડા પલાળીશું,
બિલાડાં પલાળીશું,
કલાડા પલાળીશું,
અગાસીએ સૂકવેલા ગોદડા
પલાળીશું
કોઈ કરતા કોઈ વસ્તુ કોરી ન
મેલીશું.
રેઈનકોટને,
છત્રીને, પાતાળમાં ધરબી દો.
તારા અને મારા વચ્ચે કોઈ નડતર નહી,
કોઈ ચણતર નહી,
કોઈ ગળતર નહી.
નોટીસનો જવાબ અષાઢના પ્રથમ
દિવસે,
યક્ષ મારફત આપવો.
જવાબ લીલોતરીના લેઝર પેપર પર
વાઈપ કરી આપવો.
પતંગિયાનો ફરફરાટ,
ફૂલોનો મલકાટ,
નાગા થઈ વરસાદમાં પલળતા શિશુનું
નટખટ,
પર્ણોનો તરવરાટ ,
એનકલોઝર તરીકે એનકલોઝડ કરવા.
જવાબ મળ્યા પછી
નક્કી કરીશ કે
પૃથ્વી પર કેવી રીતે ખાબકવું,
વરસાદ બેઠો કે ઊભો,
ત્રાંસો કે ખાંગો મોકલવો
વરસાદ તબક્કાવાર,
હપતાવાર મોકલવો તેની રણનીતિ
નક્કી કરવામાં આવશે.
ભરત વૈષ્ણવ

## ધારાશાસ્ત્રી વિષ્ણુ શંકર જૈન
# 'વૈશ્વિક હિંદુ રાષ્ટ્ર મહોત્સવ'નો દ્વિતીય દિવસ !

ઉત્તરપ્રદેશ ખાતે કાશી સ?થિત જ્ઞાનવાપી મસ્જિદમાં ૧૬ મે ૨૦૨૨ના દિવસે શિવલિંગ મળ્યું, ત્યારથી અમે નિરંતર તેની મુક્તિ માટે લડાઈ લડી રહ્યા છીએ. આ લડાઈમાં મુસલમાન પક્ષકારો સફળ થશે નહીં એ તેમને જ્ઞાત હોવાથી, તેઓ આ આવેદનપત્ર (અરજી) સંદર્ભમાં અડચણો નિર્માણ કરવાનું કાર્ય કરી રહ્યા છે. તેમજ કેટલાક લોકોને સાથે લઈને આવેદનપત્ર (અરજી) પાછી લીધી હોવાની અફવા ફેલાવી રહ્યા છે. પ્રત?યક્ષમાં કોઈપણ આવેદનપત્ર (અરજી) અમે પાછી લીધી નથી, તેમજ હું બધાને ભરોસાપૂર્વક કહું છું કે, જીવનના અંતિમ શ?વાસ સુધી શ્રી કાશી વિશ?વેશ?વરની મુક્તિ માટે અમે લડતા રહીશું. કાશી વિશ?વેશ?વર મંદિરના પરિસરમાં રહેલાં શ્રી શ્રૃંગારગૌરી દેવી, હનુમાન, શ્રીગણેશ આ દેવતાઓની પૂજા કરવાનો અધિકાર મળે, એ માટે અમે લડી રહ્યા છીએ. કાશી વિશ?વેશ?વરની મુક્તિ થશે, ત?યારે દેશ અખંડ હિંદુ રાષ?ટ્ર થશે. કાશી વિશ?વેશ?વરની મુક્તિનું મોટું લક્ષ્ય કરીને આપણે માર્ગક્રમણ કરી




રહ્યા છીએ. તે માટે સર્વ હિંદુઓએ સંગઠિત થઈને આ સંપૂર્ણ પરિસરના સર્વેક્ષણની માગણી ઉપાડી લેવી જોઈએ, એવું આવાહન 'હિંદુ ફ્રંટ ફૉર જસ?ટિસ'ના પ્રવક્તા અને સર્વોચ?ચ ન?યાયાલયના ધારાશાસ?ત્રી વિષ?ણુ શંકર જૈને કર્યું. તેઓ 'શ્રીરામનાથ દેવસ?થાન', ફોંડા, ગોવા ખાતેના 'વૈશ?વિક હિંદુ રાષ?ટ્ર મહોત?સવ'ના બીજા દિવસે 'મંદિર મુક્તિ અભિયાન' સત્રમાં બોલી રહ્યા હતા.

આ પ્રસંગે ધારાશાસ?ત્રી નીલેશ સાંગોલકરે કોલ?હાપુર ખાતેનાં શ્રી મહાલક્ષ્મીદેવી મંદિરનાં શ્રી મહાલક્ષ્મી મૂર્તિના સંદર્ભમાંની વર્તમાન સ?થિતિ, તેમજ કર્ણાટક ખાતેના સહકાર સંજીવની રુગ?ણાલયના ડૉ. એન. રમેશ હાસને ચન્નકેશ્વર મંદિરમાં કુરાન વાંચવાના વિરોધમાં આપેલી સફળ લડાઈ વિશેની જાણકારી આપી, જ?યારે આંધ્રપ્રદેશ ખાતેની હિંદુ ઉપાધ?યાય સમિતિના સંસ?થાપક અધ?યક્ષ મહેશ ડેગલાએ મનોગત વ?યક્ત કર્યું.

★ ગંગાનદીમાં રોગમુક્ત કરવાની ક્ષમતા હોવાથી ગંગાજળ વિશે અધિક સંશોધન થવું આવશ?યક ! - ધારાશાસ?ત્રી અરુણ ગુપ્તા, અલાહાબાદ ઉચ?ચ ન?યાયાલય★ ગંગાનદીમાં પ્રાણવાયુનો સ?તર સર્વાધિક છે અને નદીમાં 'બૅક?ટેરિયા ફૉસ' નામક વિષાણુ હોય છે. તેને કારણે ગંગાજળ ખરાબ થતું નથી. કોરોનાકાળમાં ગંગા નદીના કિનારે વસેલા શહેરોમાં કોરોનાના રુગ?ણો અન?ય શહેરો કરતાં ઓછા જોવા મળ્યા તેમજ સાજા થનારાઓની સંખ?યા પણ વધારે જોવા મળી છે. કેવળ કોરોના જ નહીં, જ?યારે અન?ય બીમારીઓ પણ ગંગાના પાણીથી સાજી થઈ શકે છે. તેથી આવા ગંગાજળ વિશે વધારે સંશોધન થવું આવશ?યક છે.

# અષાઢી બીજ તથા ગુરૂપૂર્ણીમાનાં પવિત્ર તહેવાર સંદર્ભે કતલખાના, નોનવેજનાં વેચાણ બંધ રખાવવા કરુણા ફાઉન્ડેશન દ્વારા ગુજરાત સરકારને રજૂઆત

એનીમલ હેલ્પલાઈન દ્વારા અષાઢી બીજે તા. ૨૦, જુન, મંગળવારનાં તથા ગુરૂપૂર્ણીમાં તા.૦૩ જુલાઈ, સોમવારનાં રોજ કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે. અષાઢી બીજ આનંદ અને ભારે શ્રધ્ધા સાથે ધામધૂમે ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે. કચ્છીનું નવું વર્ષ અષાઢી બીજ ગણાય છે. કચ્છી માડુઓ અષાઢી બીજના દિનને નવા વર્ષ તરીકે ધામધુમથી ઉજવતા હોય છે તથા ગુરૂપૂર્ણીમાં તા.૦૩ જુલાઈ, સોમવારે,



ગુરૂપૂર્ણિમાનાં પાવન દિવસે કતલખાનાં, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે. ગુરૂપૂર્ણિમાનાં પાવન દિવસ સમગ્ર ભારતભૂમિ પર બધા જ ધર્મનાં લોકોની જુદી જુદી રીતે ઉજવાતો હોય છે. આ બધાયમાં એક સમાન વસ્તુ કહી શકાય તે એવી તે બધા એક સાથે માને છે અને પૂજે છે તે છે ગુરૂ કોઈપણ હોય શકે સંત, મહાત્મા કે કોઈના ફાધર કે કોઈ એક સાધારણ શાખા કે કોલેજમાં ભણાવતા કોઈપણ ગુરૂ જ હોય છે શાળા એક એવી પહેલી જગ્યા છે જ્યાં એક બાળક તેમના જીવનમાં પહેલી વખત ગુરૂના સંપર્કમાં આવે છે, અને ગુરૂ તેમને તેમનાં જીવનનો પવિત્ર ઉપદેશ આપે છે.

ઉપરોક્ત બન્ને દિવસોની પવિત્રતા અને સમસ્ત જન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણી ના દુભાય તે માટે જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયના એડવાઈઝરી કમિટીના માનદ સલાહકાર મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગ રમેશભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા દ્વારા ગુજરાત સરકારને વિનંતી કરાઈ છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના શહેરી વિસ્તારોમાં "સ્માર્ટ સિટી મિશન" અંતર્ગત ૨૪ +૭ નવી પાણીની તથા ગટર લાઈનની કામગીરી માર્ગ અને મકાન વિભાગ તેમજ ગુજરાત પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજરોજ સેકટર ૨૧ ના વસાહતીઓ તથા સ્થાનિક કાઉન્સિલરશ્રીઓની વિવિધ રજુઆત ધ્યાને લઈને ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ કાઉન્સિલરશ્રીઓ, ડે. કમિશનરશ્રી કેયુરભાઈ જેઠવા, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, મહાનગરપાલિકાના સિટી એન્જિનિયર ભરતભાઈ પંડ્યા તેમજ વિવિધ વિભાગના અધિકારીઓને સાથે રાખી સ્થળ મુલાકાત કરી અને તમામ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમ્યાન મેયરશ્રી એ લોકોના પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ આવે, કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે અંગેના જરૂરી સૂચનો કર્યા અને ભવિષ્યમાં કોઈપણ સમસ્યાના ના સર્જાય તેવી કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપી હતી.

# બાળકોને યોગ પ્રત્યે જાગૃત કરવા ગુજરાતમાં સૌપ્રથમવાર સાંસદ યોગ સ્પર્ધાનું આયોજન સાંસદજશવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યુ

## એક પૃથ્વી એક સ્વાસ્થ્ય"ના નારા સાથે"વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ"અને"હર ઘરના આંગણે યોગ"ની થીમ આધારિત સૌકોઈ યોગમય બનીએ : મંત્રીબચુભાઈ ખાબડ

સાંસદ યોગ સ્પર્ધામાં અલગ અલગ ઈવેન્ટમાં ભાગ લેનાર સ્પર્ધકોને પ્રમાણપત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતાશનિવાર-દેવગઢબારિયા સ્વ.જયદીપસિંહજી રમત ગમત સંકુલ ખાતે સાંસદ યોગ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે સાંસદજશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે વિશ્વના ખૂણે-ખૂણે આજે યોગ અને યોગાભ્યાસ લોકપ્રિય બની વાયુવેગે પ્રચલિત થઈ રહ્યો છે, અને સમગ્ર વિશ્વને આ યોગની ભેટ આપણા ભારત દેશે આપી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન પરંપરાનો અમૂલ્ય ભાગ છે.

ભારતીય યોગ પ્રણાલી અને તેના લાભ અંગે વૈશ્વિક સ્તરે લોક જાગૃતતા લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રની સભામાં યોગ વિશે ચર્ચા કરી, અને ઉત્તરી ગોળાર્ધનો સૌથી લાંબો દિવસ ૨૧મી જૂન હોવાથી આ દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવા માટે સૂચન કર્યું હતું.

પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે યોગને પ્રોત્સાહન આપી ગામો-ગામ સુધી પહોંચાડવા માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯માં દેશના સૌપ્રથમ યોગ બોર્ડની સ્થાપના કરી હતી. આગામી ૨૧મી જૂનના રોજ ગુજરાતમાં સુરત ખાતે નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી થશે. પરંતુ આ ઉજવણીના છ મહિના અગાઉથી જ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગને પ્રોત્સાહિત કરતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી સમગ્ર રાજ્યના માહોલને યોગમય બનાવવામાં આવ્યો છે.આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર રાજ્યના ૭૫ આઇકોનિક સ્થળો ૨૧ જૂન ૨૦૨૩ ના રોજ આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજ્યમાં વિશાળ જન ભાગીદારી સાથે ઉજવવાનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે ×એક પૃથ્વી એક સ્વાસ્થ્ય×ના નારા સાથે×વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ×અને×હર ઘરના આંગણે યોગ×ની થીમ સાથે ઈવેન્ટનું આયોજન કરાયું હતું, યોગાભ્યાસ પ્રત્યેક નાગરિકો જાગૃત રહે અને યોગ કરતા થાય તેવા ઉમદા હેતુ સાથે ગુજરાતમાં પ્રથમવાર સાંસદ યોગ સ્પર્ધાનું આયોજન કરાયું છે.શાબ્દિક પ્રવચન પ્રાંત અધિકારીએ કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા,ધારાસભ્યમહેન્દ્રભાઈ ભાભોર, પૂર્વ ધારાસભ્ય તુષારસિંહ મહારાઉલ બાબા,આરોગ્ય સમિતિના ચેરમેનઅશ્વિનભાઈ,મામલતદાર,રમત વિકાસ અધિકારી સહિત વિધાર્થીઓ યોગ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર ૧૪ માં વરસાદ ને કારણે રસ્તા તૂટી જતાં બહાર નીકળી શકાતું નથી

ચક્રવાત અને વરસાદ ને કારણે સેક્ટર ૧૪ માં આંતરિક રસ્તા તૂટી ગયા છે ચાલીને નીકળી શકાય તેમ નથી

ગાંધી નગર મહા નગર ના મ્યુનિસિપલ કોર્પોરેશન ના કાઉન્સિલર ગૌરાંગ વ્યાસ ને અને ભારતીય જનતા પાર્ટી ના ગાંધી નગર મહા નગર ના મહા મંત્રી શ્રી કનુ ભાઈ દેસાઈ ને વોર્ડ નંબર ૬ ના બુથ ૧૫૮ ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલે જાણકારી આપતા તેઓએ



સરકાર માં રજૂઆત કરી હતી અને રસ્તા રિપેરીંગ કામ તાત્કાલિક હાથ ધરવામાં આવ્યું છે. તેઓનો હું વસાહત મંડળ સેક્ટર ૧૪ નો મહામંત્રી ડૉ ગુલાબ ચંદ પટેલ વસાહત વતી આભાર વ્યક્ત કરું છું હજુ રસ્તા વધુ રીપેરીંગ માંગી લે છે મેયર શ્રી હિતેશ મકવાણા સાહેબ દ્વારા પણ રૂબરૂ મુલાકાત લીધી હતી અને જરૂરી સૂચનાઓ અધિકારીઓ ને આપી હતી

# સદભાવના શ્વાન આશ્રમમાં ૫૦૦ નિરાશ્રિત શ્વાનોને આશ્રય મળશે



વિશ્વમાં સૌથી વફાદાર પ્રાણી એટલે શ્વાન. શ્વાન તમામ પ્રકારના જોખમને અગાઉથી અનુભવે છે. પ્રાચીન અને મધ્યયુગના સમયમાં, પહેલાના લોકો કૂતરાઓને પોતાની સાથે રાખતા હતા. જેથી તેઓ જંગલી પ્રાણીઓ, લૂટારાઓ અને ભૂત-પ્રેતથી બચી શકે.વનમાં રહેતા વનવાસી લોકો કૂતરા પાળતા હતા. જેથી તેઓ કોઈપણ પ્રકારના જોખમ પહેલા તે સાવધાન થઈ રહેતા ઋષિ-મુનિઓ પણ કૂતરા પાળતા હતા. આજકાલ પણ લોકો ઘરમાં કૂતરા પાળે છે જેથી તેઓ પોતાના ઘરને ચોરોથી બચાવી શકે. ભારતીય સંસ્કૃતિમાં શ્વાનનું મહત્વ પહેલેથી જ ચાલ્યું આવે છે. હિન્દુ ધર્મમાં કૂતરાને યમનો દૂત કહેવામાં આવે છે. શ્વાનને હિન્દુ દેવતા ભૈરવ મહારાજનો સેવક માનવામાં આવે છે. શ્વાનને ભોજન આપવાથી ભૈરવ મહારાજ પ્રસન્ન થાય છે અને ભક્તની દરેક પ્રકારની આકસ્મિક મુશ્કેલીઓથી રક્ષણ કરે છે. એવું માનવામાં આવે છે કે શ્વાનને ખુશ રાખવાથી તે યમદૂતને પણ તમારી આસપાસ ભટકવા નથી દેતો અને શનિની સાથે સાથે રાહુ-કેતુ સંબધિત દોષો પણ કૂતરાને તેલમાં ચપટી રોટલી ખાવડાવાથી દૂર થઈ શકે છે. રાહુ -કેતુના , કાલસર્પ યોગથી પીડિત લોકો માટે આ ઉપાય ફાયદાકારક છે. એવું માનવામાં આવે છે કે કાળો શ્વાન જ્યાં હોય ત્યાં નકારાત્મક ઉર્જા રહેતી નથી. શ્વાન એ આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે. કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને,બીમાર પડીને, ઉમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિ:સહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 'સદભાવના શ્વાન આશ્રમ ની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા ,ફ્રેકચરવાળા, અંધ, અપંગ શ્વાનો ને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર,સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર,વેકસીનેશન,ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૫૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં ૬૭ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના શ્વાનોને આશ્રય આપવા માટે સદભાવના શ્વાન આશ્રમ, જામનગર રોડ,ખંઢેરિ સ્ટેડિયમની સામે. ગારડિ કોલેજ ની બાજુમાં,રાજકોટ (મો. ૭૪૮૫૯ ૨૨૨૨૪)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## 'વૈશ્વિક હિંદુ રાષ્ટ્ર મહોત્સવ'માં મંદિર ન્યાસીઓની માગણી !

# ગોવાનો આદર્શ લઈને કેંદ્ર સરકારે સમગ્ર દેશમાંના મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો..!

ફોંડા - ગોવા ખાતેના પોર્ટુગીઝોએ પ્રાચીન ભારતીય સંસ્?કૃતિ નષ્?ટ કરવા માટે અનેક મંદિરોનો વિધ્?વંસ કર્યો. પરકીય આક્રમકોએ નષ્?ટ કરેલાં આ સર્વ મંદિરોનો જીર્ણોદ્ધાર કરીને ભારતીય સંસ્?કૃતિનું પુનરુજ્?જીવન કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય ગોવા સરકારે લીધો. તે અનુસાર પ્રાચીન શ્રી સપ્?તકોટેશ્?વર મંદિરનો જીર્ણોદ્ધાર ગોવા સરકારે પોતે કર્યો. તેમજ અન્?ય મંદિરોનો જીર્ણોદ્ધાર કરવા માટે એક સમિતિની સ્?થાપના કરીને આગળની પ્રક્રિયા ચાલુ કરી છે. ગોવા સરકારે લીધેલો નિર્ણય અનુકરણીય છે. સમગ્ર દેશમાં મોગલ આક્રમકોએ અનેક મંદિરોનો વિધ્?વંસ કર્યો હોવાનો ઈતિહાસ




ઉપલબ્?ધ છે. તેને કારણે ગોવા સરકાર પ્રમાણે કેંદ્ર સરકારે સમગ્ર દેશમાં પરકીય આક્રમકોએ તોડી પાડેલાં સર્વ હિંદુ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય લઈને દેશનો સાંસ્?કૃતિક વારસો જાળવવો, એવી મહત્ત્વપૂર્ણ માગણી 'વૈશ્?વિક હિંદુ રાષ્?ટ્ર મહોત્?સવ'માં કરવામાં આવી હોવાની જાણકારી 'મહારાષ્?ટ્ર મંદિર મહાસંઘ'ના સમન્?વયક શ્રી. સુનીલ ઘનવટે આજે પત્રકાર પરિષદમાં આપી. તેઓ 'વૈશ્?વિક હિંદુ રાષ્?ટ્ર મહોત્?સવ' નિમિત્તે આયોજિત પત્રકાર પરિષદમાં બોલી રહ્યા હતા.

આ સમયે 'કાશી સ્?થિત જ્ઞાનવાપી મુક્તિ માટે ન્?યાયાલયીન લડાઈ લડનારા' સર્વોચ્?ચ ન્?યાયાલયના ધારાશાસ્?ત્રી વિષ્?ણુ શંકર જૈન, 'ગોમંતક મંદિર મહાસંઘ'ના શ્રી. જયેશ થળી, 'જ્?યોર્તિલિંગ શ્રીક્ષેત્ર ભીમાશંકર દેવસ્?થાન'ના અધ્?યક્ષ ધારાશાસ્?ત્રી સુરેશ કૌદરે અને વિદર્ભ ખાતેના 'દેવસ્?થાન સેવા સમિતિ'ના સચિવ શ્રી. અનુપ જયસ્?વાલ ઉપસ્?થિત હતા.

★કાશી પછી મથુરા અને કિષ્?કિંધા મુક્તિ માટે લડાઈનો આરંભ કરીશું ! - ધારાશાસ્?ત્રી વિષ્?ણુ જૈન★

આ અધિવેશનને કારણે કાશી ખાતેના જ્ઞાનવાપીની મુક્તિ માટેની લડાઈ ચોક્?કસ રીતે ચાલુ થઈ છે. હવે કાશી પછી મથુરા અને કિષ્?કિંધાની મુક્તિ માટે લડાઈનો આરંભ કરવાના હોવાની જાણકારી 'કાશી સ્?થિત જ્ઞાનવાપી મુક્તિ માટે ન્?યાયાલયીન લડાઈ લડનારા' સર્વોચ્?ચ ન્?યાયાલયના ધારાશાસ્?ત્રી વિષ્?ણુ શંકર જૈને આપી. તેમણે ઉમેર્યું કે, કાશી પછી મથુરા પ્રકરણમાં પણ 'વકફ કાયદો', તેમજ 'પ્લેસેસ ઑફ વર્શિપ કાયદો' લાગુ થતો ન હોવાથી વિનંતિ પત્ર (અરજી) સુનાવણી માટે યોગ્ય હોવાનો નિકાલ ઉચ્ચ ન્યાયાલયે આપ્યો છે. તેમજ ન્યાયાલયે પુરાતત્ત્વ ખાતાને બન્ને ઠેકાણે સર્વેક્ષણ કરવાના આદેશ પણ આપ્યા છે. કર્ણાટક રાજ્યમાં શ્રી હનુમાનજીનું જન્મસ્થાન રહેલા કિષ્કિંધા સંદર્ભમાં કર્ણાટકનો કાયદો ઉચ્ચ ન્યાયાલયે ગેરબંધારણીય ઠરાવ્યો છે. તેમજ સમગ્ર દેશમાંની વિવિધ રાજ્ય સરકારોએ મંદિરોના સંદર્ભમાં કરેલા સર્વ કાયદાઓ બંધારણની ધારા ૧૯, ૨૧, ૨૫, ૨૬ અને ૨૭ નું ઉલ્લંઘન કરતા હોવાથી કેંદ્ર સરકારે એક કાયદો કરીને આ સર્વ કાયદાઓ નિરસ્ત કરવા અને મંદિરો સરકાર નિયંત્રણમુક્ત કરવા, એવું પણ ધારાશાસ્ત્રી જૈને કહ્યું.

આ સમયે શ્રી. સુનીલ ઘનવટે કહ્યું કે, હિંદુ રાષ્?ટ્ર અધિવેશને હંમેશાં જ 'મંદિર મુક્તિ અને મંદિર રક્ષણ'ની ભૂમિકા લીધી છે. આ અધિવેશન દ્વારા અનેક મંદિરોની ચળવળો ચાલુ થઈ છે. ઉદા. મધ્?ય પ્રદેશની ભોજશાળા મુક્તિ આંદોલન, તિરુપતિ બાલાજી ખાતે ગેરકાયદેસરનું ઈસ્?લામિક અતિક્રમણ હટાવવું; પંઢરપુર, શિર્ડી, કોલ્?હાપુર, તુળજાપુર ખાતેના સરકાર અધિગ્રહિત મંદિરમાંના ભ્રષ્?ટાચારના વિરોધમાંની લડાઈ ઈત્યાદિ પ્રમુખ ચળવળો છે. મંદિર સંસ્?કૃતિનું રક્ષણ થાય, એ માટે તે જાળવવી જોઈએ અને તે વૃદ્ધિંગત થવી જોઈએ એ માટે ગોવામાં 'ગોમંતક મંદિર મહાસંઘ' કાર્ય કરી રહ્યો છે, જ્?યારે મહારાષ્?ટ્રમાં 'મહારાષ્?ટ્ર મંદિર મહાસંઘ' કાર્ય કરી રહ્યો છે. મહારાષ્?ટ્રમાં અમે ૧૩૧ મંદિરોમાં વસ્?ત્રસંહિતા લાગુ કરી છે. મહારાષ્?ટ્રની જેમ વહેલા જ અમે કર્ણાટક, દિલ્?લી ઈત્?યાદિ રાજ્?યોમાંના મંદિરોના ન્?યાસીઓની બેઠકો આયોજિત કરવાના છીએ.

આ સમયે 'ગોમંતક મંદિર મહાસંઘ'ના શ્રી. જયેશ થળીએ કહ્યું કે, 'પોર્ટુગીઝોએ ઉધ્?વસ્?ત કરેલાં મંદિરોનો જીર્ણોદ્ધાર ગોવા સરકારે સમયમર્યાદા જાળવીને સમયસર પૂર્ણ કરવો. આ સંદર્ભમાં સરકારે જે સમિતિ સ્?થાપન કરેલી છે, તે માટે સમિતિને મંદિર મહાસંઘનું સર્વ સહકાર્ય રહેશે. જ્?યારે મંદિરોની જે કાંઈ સમસ્?યાઓ છે, તે ઉકેલવા માટે 'મુંબઈ સાર્વજનિક ન્?યાસી સંસ્?થા અધિનિયમ'માં પાલટ કરવા માટે 'દેવાલય સેવા સમિતિ'એ કાર્યનો આરંભ કર્યો હોવાનું સમિતિના સચિવ શ્રી. અનુપ જયસ્?વાલે આ સમયે કહ્યું.

## જાતને ઓળખ તું દુનિયા તને જાણી લેશે.

oooooooo

ધોળો,સફેદ, દુધીયો,વ્હાઈટ, ઓફ વ્હાઈટ, ડલ વ્હાઈટ, બ્રિલીયન્ટ વ્હાઈટ, ચંદ્ર જેવો સફેદ. દુધ જેવો સફેદરંગમાં છે રંગ અનેક જેમ જગત માં જીવ છે અનેક.

ooooooo

દિપક .સુરત

ooooooo

હું મારાં નામ પાછળ પટેલ લખું છું. શિક્ષક લખું છું. આરટીઆઈ કાર્યકર્તા લખું છું.

આવું કેમ લખવું પડે છે? લખવાની જરૂર શું છે? નાનાં છોકરાં ને હાથ લાગે કાળો કોલસો એ જ્યાં ત્યાં લીટા કરી એનો લેખ લખે તું વોંચી જોણે છ.

લખવાથી લહિયાં જ થવાય. લેખ તો ઉપરવાળો લખે છે. એ આપે ભેખ એવો તારો વેખ.

હું મૂર્ખામી કરતો છું કે દોઢ ડાહ્યાપણું ?

ખરેખર હું છીછરો છું એવું નથી લાગતું આપને?

સમાજમાં સેંકડો શિક્ષક, કરોડો આરટીઆઈ કાર્યકર્તા છે હશે.

હા એટલું જ સમજાય તો વાહ વાહ.

આપણે આપણી સરખામણી બીજા સાથે કરી ક્યારેય નાનપ ના અનુભવવી જોઈએ. અને કોઈને નાનો સમજી એમનું અવમૂલ્યન ન આંકવું જોઈએ.

મોટા માણસો નાના માણસો એ આપણો ભ્રમ છે. ભગવાન દરેક માણસને કોઈ ને કોઈ ખુબી સાથે પૃથ્વી પર મોકલે છે.

દરેક માણસ બીજાથી માત્ર નોખો નહીં પરંતુ અનોખો પણ હોય છે એટલે જ દુનિયા માં ૮૦૦ કરોડ લોકોના ચહેરા તથા ફિગર પ્રિન્ટ અલગ-અલગ હોય છે.

રંગપેટીના દરેક રંગનું અલગ-અલગ મહત્વ હોય છે,કોઈ એક રંગથી ચિત્ર પુરું ના થાય. મેઘધનુષ એક રંગનું ના હોય.

જો પ્રકાશ જેવો શુદ્ધ રંગ હોય અનેક રંગ એમાં એકાકાર થઈ જાય છે.

દરેક શાકભાજી અને ફળના સ્વાદ એકસરખા હોય તો દુનિયા ચાલે ? જુદા જુદા સ્વાદ નું મહત્વ છે.તીખા,ખાટા, કડવા સ્વાદની પણ જરૂરી છે માત્ર ગળ્યા સ્વાદથી પકવાન ન બને. વિચારો દરેક ફુલોની સુગંધ શું એક સરખી હોઈ શકે ? દરેક પશુ,પક્ષી, વ્યક્તિના અવાજ એની ડેસિબિલિટી માત્રા અલગ અલગ હોઈ છે.

અબુધ જાનવર આ જાણે છે.

તમારામાં પણ બીજા કરતાં અલગ સુગંધ છે, સ્વાદ છે તમારી દુનિયા પણ પણ કાંઈક અલગ રંગની છે... તેનું ભાન અને બીજાનું સ્વમાન કરો છો એનું અભિમાન રાખો, પોતાનું સ્વમાન આપોઆપ સલામત રહેશે.

જંગલી કે પાલતું, પારકું કે પોતાનું, પરલોકી કે સ્વર્ગલોકી લોહી સૌનું લાલ લાલ.

તું તું કાળા ધોળાં ભુરીયા ભૂખરા, મેલાં ધુલિયામાં પડ મા!

તું એવો રંગ દે દુનિયાને દુનિયા તારા રંગે રંગાઈ જાય.

oooooo

ૅ સિમેન્ટ ક્રોંક્રિટ જંગલો દ્/જ બાંધકામ વિકાસ પરવાનગીની શરતો.

oooooooo

નગર નિયોજન, વિકાસ અધિકારી કે વિકાસ સત્તા મંડળ.

કોઈપણ બાંધકામને બિન શરતી બાંધકામ મંજૂરી આપતાં નથી.

અને જો બિન અધિકૃત બાંધકામ થાય તો એમની જવાબદારીમાંથી છટકી શકતાં નથી.

આરટીઆઈ એકટ હેલ્પ નંબર ૯૯૦૪૦ ૧૨૧૬૯. ઉપર બાંધકામ વિષયક કેવી રીતે માહિતી અધિકાર હેઠળ માહિતી માગી શકાય એવા દરરોજ ચારથી પાંચ ફોન આવે છે.

ખાણખનીજ ચોરી, શાળા, જમીન રેવ ન્યુ, દસ્તાવેજ નોંધણી અને પોલીસ વિભાગ લગતાં અનેક કોલ આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.